-૩૦૦-૯-૨૦૧૪ D\SCHEDULED-14\Exam Form Online-Oct.-November-2014.pmd.

**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬, ટેલિગ્રામ : યુનિગુજરાત**
**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**

# ગુજરાત યુનિવર્સિટી

**પરિપત્ર નં. : ૨૦૨**

**નં. પરીક્ષા/૪-અ/૬૦૧૮૪/૨૦૧૪**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૧-૦૯-૨૦૧૪**

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. તથા બી.સી.એ. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આગામી ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૪ માસમાં લેવાનાર યુનિવર્સિટીની (વાર્ષિક પદ્ધતિ) પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

૧. નિયત ફી સાથે ફોર્મ મોકલવાની છેલ્લી **તા. ૧૨-૯-૨૦૧૪**

૨. ઉપરોક્ત તારીખ બાદ તા. ૨૦-૯-૨૦૧૪ સુધી રૂ. ૧૦/- લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઈજ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**ઉપરોક્ત તારીખ મુજબ નીચેની પરીક્ષાઓના ફીનું ધોરણ રીપીટર તથા એ.ટી.કે.ટી. માટે નીચે મુજબ રહેશે :**

**(જે પરીક્ષાઓની Online Entry કરીને મોકલવાની છે તે પરીક્ષાની યાદી)**

| | | |
|---|---|---|
| (૧) | ફર્સ્ટ બી.એ. (રીપીટર) | રૂ. ૧૦૦/- |
| (૨) | ફર્સ્ટ બી.કૉમ. (રીપીટર) | રૂ. ૧૦૦/- |
| (૩) | ફર્સ્ટ બી.એસસી. (રીપીટર) | રૂ. ૧૨૫/- |
| (૪) | ફર્સ્ટ બી.બી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| (૫) | ફર્સ્ટ બી.સી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| (૬) | સેકન્ડ બી.એ. (રીપીટર) | રૂ. ૧૧૦/- |
| (૭) | સેકન્ડ બી.કૉમ. (રીપીટર) | રૂ. ૧૧૦/- |
| (૮) | સેકન્ડ બી.એસસી. (રીપીટર) | રૂ. ૨૦૦/- |
| (૯) | સેકન્ડ બી.બી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| (૧૦) | સેકન્ડ બી.સી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| (૧૧) | થર્ડ બી.એ. (રીપીટર) | રૂ. ૧૨૦/- |
| (૧૨) | થર્ડ બી.કૉમ. (રીપીટર) | રૂ. ૧૨૦/- |
| (૧૩) | થર્ડ બી.એસસી. (રીપીટર) | રૂ. ૧૫૦/- |
| (૧૪) | થર્ડ બી.બી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| (૧૫) | થર્ડ બી.સી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| | **નીચેની પરીક્ષાઓનાં ફક્ત ફોર્મ મોકલવાના રહેશે.** | |
| (૧૬) | ફર્સ્ટ ઈયર ડિગ્રી ડ્રામા (રીપીટર) | રૂ. ૨૦૦/- |
| (૧૭) | સેકન્ડ ઈયર ડિગ્રી ડ્રામા (રીપીટર) | રૂ. ૨૦૦/- |
| (૧૮) | થર્ડ ઈયર ડિગ્રી ડ્રામા (રીપીટર) | રૂ. ૨૦૦/- |
| (૧૯) | ફર્સ્ટ બી.એસ.સી. (ફાયર સેફટી) (રીપિટર) | રૂ. ૧૦૦૦/- |
| (૨૦) | સેકન્ડ બી.એસ.સી. (ફાયર સેફટી) (રીપિટર) | રૂ. ૧૦૦૦/- |
| (૨૧) | થર્ડ બી.એસ.સી. (ફાયર સેફટી) (રીપિટર) | રૂ. ૧૦૦૦/- |
| (૨૨) | ફર્સ્ટ ઈયર બેચેલર ઑફ પરફોર્મિંગ આર્ટ્સ (રીપિટર) | રૂ. ૫૦૦/- |
| (૨૩) | સેકન્ડ ઈયર બેચેલર ઑફ પરફોર્મિંગ આર્ટ્સ (રીપિટર) | રૂ. ૫૦૦/- |
| (૨૪) | થર્ડ ઈયર બેચેલર ઑફ પરફોર્મિંગ આર્ટ્સ (રીપિટર) | રૂ. ૫૦૦/- |

[P.T.O.

૧. ઉપરોક્ત પરીક્ષાઓના એનરોલમેન્ટ આધારિત સ્કેનિંગવાળા ફોર્મ યુનિવર્સિટી કાઉન્ટર પરથી રૂ. ૨૫/-ની કિંમતે સંસ્થાએ મેળવી લેવાના રહેશે.

૨. યુનિવર્સિટી દ્વારા પૂરી પાડવામાં આવેલ **Online Entry** કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાની રહેશે.

૩. પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે. યુનિવર્સિટી કાર્યાલયને ઓર્ડિ. ૧૨૭ની માહિતી અને પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના ક્રેડિટ ગુણ તૈયાર કરવામાં સરળતા રહે.

૪. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે રૂમ નં. ૧૪માં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે. DD CTS કોડવાળો હોવો જરૂરી છે.

૫. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

૬. અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

૭. જે વિદ્યાર્થીઓ એપ્રિલ-મે, ૨૦૧૪માં બેઠા છે અને જેમનું પરિણામ બહાર નથી પડ્યું તેવા વિદ્યાર્થીઓએ તેમનું પરિણામ જાહેર થયા પછીથી ૧૦ દિવસ સુધીમાં લેઈટ ફી વિના આવેદનપત્રો સ્વીકારવામાં આવશે.

**આવેદનપત્ર અને Online Entry માટેની અગત્યની સૂચના**

૧. વિદ્યાર્થીનો એનરોલમેન્ટ નંબર ચકાસીને સાચો લખવો જેથી હોલ ટીકિટમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ રહે નહિં.

૨. આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો જેવી કે, કોમ્બિનેશન કોડ, એપિયરિંગ કોડ, પ્રિવિયસ કોડ, કૉલેજ કોડ, વિષય વગેરેની કાળજીપૂર્વક ચકાસણી કરી જેથી વિદ્યાર્થીને પરીક્ષા દરમિયાન કે ત્યારબાદ કોઈ પ્રકારની મુશ્કેલી ઊભી થાય નહિં.

૩. યુનિવર્સિટી દ્વારા **Online** પર આગામી પરીક્ષામાં બેસનાર આપની સંસ્થાના વિદ્યાર્થીઓના નામની સંભવિત યાદી આપવામાં આવેલી છે. જે વિદ્યાર્થીઓના આવેદનપત્રો અને ફી જમા થયેલ હોય તેઓના જ નામ સદર **Online**માં રાખવા. જે વિદ્યાર્થીઓએ આવેદનપત્ર અને ફી ન ભરેલ હોય તેઓના નામ **Online**માંથી રદ કરવા. વધુમાં જે વિદ્યાર્થીએ આવેદનપત્ર કે ફી ભરેલ હોય પરંતુ જો **Online** માં નામ ન હોય તો તેનો ઉમેરો કરવો.

૪. યુનિવર્સિટી દ્વારા મોકલાવેલ **Online** માં કોઈ પણ વિગતોમાં સાચો સુધારો કરવાની જરૂર જણાય તો તે મુજબ સુધારો અવશ્ય કરવો.

**ખાસ નોંધ :** યુનિવર્સિટી દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૧થી ટી.વાય. બી.એ., ટી.વાય. બી.કૉમ., ટી.વાય. બી.એસસી., ટી.વાય. બી.બી.એ. અને ટી.વાય. બી.સી.એ.ના પરીક્ષા ફી સાથે પદવી પ્રમાણપત્રની ફી લેવામાં આવેલ હતી. આથી માર્ચ-એપ્રિલ-૨૦૧૧ કે ત્યાર પછીના રીપિટર વિદ્યાર્થીઓએ ઉપર દર્શાવેલ મુજબની ફી ભરવાની રહેશે નહીં. પરંતુ જો વિદ્યાર્થી **માર્ચ-એપ્રિલ-૨૦૧૧ની પહેલાંના રીપિટર વિદ્યાર્થી પાસેથી રૂ. ૨૬૦/- પદવી પ્રમાણપત્રની ફી પણ લેવાની રહેશે.**

**કે. ડી. વોરા**
કા. પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન કૉલેજોનાં આચાર્યશ્રીઓ તરફ
(૨) પરીક્ષા વિભાગના તમામ વિભાગીય અધિકારીઓ તરફ
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ
(૪) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ.